Regd. N.

Gur Inchum:

Pl. transcribe in full

Dir 29/5

NARAYANBHAI R. PATE Advocate

14, ~~BANK~~ PARASKUNJ SOCIETY

KHANPUR ROAD

AHMEDABAD - 1

27-5-68

4538

Mr. Masani

To.

Mr. H.M. Patel

Vallabh Vidya Nagar

Legal notice on ~~behalf~~ behalf of his client Mr. K.B. Patel of 2098 MOTA WAGHJIPARA, DARIAPUR, Ahmedabad.

Saying, among other ~~the~~ things, that Mr. K.B Patel was the office secretary of Ahmedabad office of Gujarat Sw.P for a period of $2\frac{1}{2}$ years ending November, 1967

Demands Rs. 4534=37 as being due to Mr. K.B. Patel for the services rendered.

c.c. (1) Mr. Dandekar, (2) Mr. Bhailalbhai Patel (3) Mr. M.R. Masani, (4) Mr. Jaideepsinhji Baria and (5) Mr. Chimanbhai Desai

Narayanbhai R. Patel.
B.Sc. (Hons.)LL.B. Advocate.

12, Paraskunj Society,
Khanpur Road,
Ahmedabad-1.

Dt. 27/5/68

પ્રતી,
શ્રી એચ. એમ પટેલ
એમ.એલ.એ. :
પ્રેસીડેન્ટ ગુજરાત સ્વતંત્ર પક્ષ,
વલ્લભ વિધાનગર
જી. ખેડા.

અમારા અસીલ શ્રી કે.બી પટેલ રહેવાસી ૨૦૯૮, મોટા વાઘજીપુરા દરીયાપુર અમદાવાદનાની સુચનાથી તમોને આ નોટીસ આપી જણાવવાનું કે:-

૧:-- અમારા અસીલ હાલમાં મહેસાણા જીલ્લા સ્વતંત્ર પક્ષના સેક્રેટરી તરીકે કામ કરે છે તથા રાજ્ય કાઉન્સીલના સભ્ય છે. આ પહેલા અમારા અસીલ ગુજરાત સ્વતંત્ર પક્ષની અમદાવાદ ખાતેની પક્ષની મધ્યસ્થ કચેરીએ લગભગ અઢી વર્ષ સુધી એટલેકે ૧૯૬૭ ના નવેમ્બરના અંત સુધી ઓફીસ સેક્રેટરી તરીકે ફરજ બજાવેલી છે.

૨:---અમદાવાદ ખાતેની પક્ષની મધ્યસ્થ કચેરીના ઓફીસ સેક્રેટરી તરીકેના સમય દરમીયાન અમારા અસીલની અંગત રકમ રૂ.૫૦૩૪-૩૭ પૈસાની એકે રૂપીયા પાંચ હજાર ચોત્રીસને સાડત્રીસ પૈસાની અનીવાર્ય સંજોગોમાં પક્ષના કાર્યક્ષેત્રમાં ખર્ચેલી છે તે બાબત પક્ષના તે વખતના સહમંત્રીઓ શ્રી જશભાઇ પટેલ અને શ્રી નરેન્દ્રસીંહજી ઝાલા ઉપરાંત શ્રી એ કે. દેસાઇ

તથા શ્રી રાવલ પણ સારી રીતે જાણે છે.

૩:-- અમારા અસીલે પક્ષ પાસેની લેણી રકમ રૂ. ૫૦૩૪-૩૭ પૈસાની માગણી કરતા કરાવતા અનેક પત્રો લખ્યા રૂબરૂ મલ્યા છતાં અમારા અસીલને પક્ષના હોદેદારો તરફથી હજુ સુધી સંતોષકારક કોઇજ જવાબ મલ્યો નથી તેમ મજકુર રકમ પરત મેળવવા માટેની અમારા અસીલની વ્યાજબી અને ન્યાયી માગણીઓ તથા વિનંતીઓ તરફ દુર્લક્ષ સેવતા હોવાનુ જણાયુ છે છેવટે ઘણી ઘણી વિનંતીઓ અને માગણીઓ બાદ અમારા અસીલને મજકુર અમારા અસીલની પક્ષ પાસે લેણી રૂપીયા ૫૦૩૪-૩૭ પૈસાની રકમ પેટે તા. ૧૬-૪-૬૮ ના રોજ વિધાનગર ખાતેના પક્ષના ટ્રેઝરરશ્રીનાહુકમથી અમારા અસીલને રૂ. ૫૦૦-૦૦ અંકે રૂપીયા પાંચસો પુરાની નાની રકમ પરત આપવામાં આવી છે અમારા અસીલ ધનીક માણસ ન હોવા છતાં પક્ષ અને પક્ષના હોદેદારોમાં સંપુર્ણ વીશ્વાસ મુકીને પક્ષના કાર્યક્ષેત્રમાં કોઇપણ જાતની રૂકાવટ ન થાય તે હેતુથી પક્ષના કાર્યક્ષેત્રમાં જ્યારે પૈસાની જરૂર પડેલી અને બીજેથી વ્યવસ્થા પૈસાની ન થઇ શકે તેવા-સંજોગો ઉભા થયેલા ત્યારે ત્યારે અમારા અસીલે તેમની અંગત

રકમો ખરચેલી છે તે તમામ મળી પક્ષના કાર્યક્રમમાં કુલ્લે રૂા.૫૦૩૪-૩૭ પૈસાની અમારા અસીલે ખરચેલી રકમમાંથી રૂા.૫૦૦-૦૦ બાદ જતાં હજુ અમારા અસીલના પક્ષ પાસે કુલ રૂા. ૪૫૩૪-૩૭ પૈસા અંકે રૂપીયા ચાર હજાર પાંચસો ચોત્રીસને સાડત્રીસ પૈસા પુરા બાકી લેણા પડે છે.

૪:—આ બાબત અમારા અસીલે કરેલા સમગ્ર પત્રવ્યવહાર તરફ ધ્યાન આપવામાં આવ્યુ નહી હોવાથી અને તે તરફદુર્લક્ષ સેવવામાં આવ્યુ હોવાથી અમારા અસીલેને છુટકે આ નોટીસ આપવાની ફરજ પડી છે.

૫:—તો આથી આપને જણાવવાનુ કે આ નોટીસ મલેથી દીન પદરમાં અમારા અસીલની પક્ષ પાસેની લેણી રકમ રૂા.૪૫૩૪-૩૭ પૈસાની અમારા અસીલને પરત આપવી અગર પરત આપવા માટેની વ્યવસ્થા કરવી જો ઉપર મુજબની મુદત અંદર અમારા અસીલને કોઇપણ જાતનો સંતોષ કારક જવાબ મળશે નહી તો અમારા અસીલને ના છુટકે કાયદેસરની સલાહ મલ્યા મુજબ પક્ષની સામે પગલા ભરવાની ફરજ પડશે.

આ નોટીસ આપને ગુજરાત સ્વતંત્ર પક્ષના પ્રેસીડેન્ટના હોદાની રૂઇએ આપવામાં આવેલી છે અને આ નોટીસની નકલો પક્ષના બીજા -

હાલનાતેમજ તે વખતના હોદ્દેદારો ઉપર પણ મોકલી આપવામાં આવેલી છે.

N R Patel
---

અમદાવાદ.

તારીખ:- ૨૭/૫/૫૦

નકલ રવાના:-

પ્રતી,

૧:- શ્રી દાડેકર,
જનરલ સેક્રેટરી, ઓલ ઇન્ડીયા સ્વતંત્ર પક્ષ,
૧૪૩, મહાત્મા ગાંધી રોડ મુંબઇ ૧.

૨:- શ્રી ભાઇલાલભાઇ પટેલ
માજી પ્રમુખ, ગુજરાત સ્વતંત્ર પક્ષ,
[illegible]
વલ્લભ વીધાનગર જીલ્લો ખેડા.

૩:- શ્રી જયદીપસીંહજી
બારીયા મહારાજા, માજી જનરલ સેક્રેટરી
દેવગઢબારીયા, પંચમહાલ,

૪:- શ્રી એમ. આર. મસાણી
માજી જનરલ સેક્રેટરી સ્વતંત્ર પક્ષ,
૧૪૮, મહાત્મા ગાંધીરોડ મુંબઇ ૧.

૫:- શ્રી ચીમનભાઇ ડી. દેસાઇ.
ટ્રેઝરર, ગુજરાત સ્વતંત્ર પક્ષ
વલ્લભ વિધાનગર જી. ખેડા.